Friday
25.10.2024
✳Volume :9 ✳ Issue No.99
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે પાલી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાના ભારત સરકારના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આનાથી ભગવાન બુદ્ધના વિચારોમાં વિશ્વાસ રામનાસઓમાં આનંદની ભાવના પ્રજ્વલિત થઈ છે. શ્રી મોદીએ કોલંબોમાં ICCR દ્વારા આયોજિત 'પાલી એક શાસ્ત્રીય ભાષા' વિષય પર પેનલ ચર્ચામાં ભાગ લેનાર વિવિધ રાષ્ટ્રોના વિદ્વાનો અને સાધુઓનો પણ આભાર માન્યો હતો. ભારતમાં શ્રીલંકાના હેન્ડલ દ્વારા કરવામાં આવેલી પોસ્ટના જવાબમાં શ્રી મોદીએ કહ્યું: "આનંદની વાત છે કે પાલીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવાના ભારત સરકારના નિર્ણયથી ભગવાન બુદ્ધના વિચારોમાં માનનારાઓમાં આનંદની ભાવના પ્રજ્વલિત થઈ છે. કોલંબોમાં આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિવિધ રાષ્ટ્રોના વિદ્વાનો અને સાધુઓનો આભારી છું."

પ્રધાનમંત્રીએ આઈટીબીપીના સ્થાપના દિવસ નિમિત્તે આઈટીબીપી હિમવીરોને શુભેચ્છા પાઠવી

કમલમ્ ન્યુઝ,
આઈટીબીપીના સ્થાપના દિવસ નિમિત્તે આઈટીબીપી હિમવીરો અને તેમના પરિવારજનોને શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આઈટીબીપીને બહાદુરી અને સમર્પણના પ્રતીક તરીકે બિરદાવ્યા. તેમણે કુદરતી આફતો અને બચાવ કામગીરી દરમિયાન તેમના પ્રયાસોની પણ પ્રશંસા કરી જે લોકોમાં અપાર ગૌરવની ભાવના ઊભી કરે છે. શ્રી મોદીએ X પર એક પોસ્ટમાં લખ્યું: "ITBP હિમવીર અને તેમના પરિવારજનોને ઉછેર દિવસની શુભેચ્છાઓ. આ દળ બહાદુરી અને સમર્પણના પ્રતીકના રૂપમાં હંમેશા ઊભા રહે છે. તેઓ આપણું રક્ષણ કરે છે, જેમાં કેટલાક અત્યંત પડકારરૂપ ભૂપ્રદેશો અને કઠિન આબોહવાની પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે. વધુમાં, કુદરતી આફતો અને બચાવ કામગીરી દરમિયાન તેમના પ્રયાસો લોકોમાં અપાર ગૌરવની પ્રેરણા આપે છે.

ગાંધીનગરના અંબોડખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે મિની પાવાગઢ- શ્રી મહાકાલી મંદિરનું લોકાર્પણ કરાયું

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ પ્રાચીન મંદિરનું અંદાજે રૂ. ૦૨ કરોડના ખર્ચે નવીનીકરણ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર
ગાંધીનગરના માણસા તાલુકાના અંબોડ ગામમાં આવેલા અતિ પ્રાચીન શ્રી મહાકાલી મંદિરના શિખર પ્રતિષ્ઠા અને શત ચંડી મહાયજ્ઞ મહોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. સાબરમતી નદીના નયન રમ્ય ખોળે બિરાજમાન શ્રીમહાકાલી માતાનું મંદિર લગભગ ૬૧૧ વર્ષ જેટલું પ્રાચીન છે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ પ્રાચીન મંદિરનું અંદાજે રૂપિયા બે કરોડના ખર્ચે નવીકરણ કરવામાં આવ્યું છે. નવ નિર્મિતમહાકાલી મંદિરમાં ચંજાનું પૂજન કરી,મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલેમંદિરનું લોકાર્પણ કર્યું હતું.

તેમની મહાકાલી માતાની મૂર્તિ સમક્ષ પ્રાણ પ્રતિષ્ઠાની પૂજા કરી હતી અને માતાજીનું સુખી - સમૃદ્ધ ગુજરાત માટે પ્રાર્થના પણ કરી હતી. અંબોડના મહાકાળી માતા મંદિરના શિખર પ્રતિષ્ઠા ને શત ચંડી મહાયજ્ઞ મહોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈપટે પટેલે જણાવ્યું હતું કે ૬૧૧ વર્ષ જૂના પ્રાચીન મહાકાળી મંદિર માં આવીને મામાં મહાકાલીના દર્શન થી હું ધન્યતાઅનુભવી રહ્યો છું હું અહીં પહેલીવાર જ આવ્યો છું. વડપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ "વિકાસભી ,વિરાસતભી"ના નેજા હેઠળ આખા દેશમાં મંદિરોના પુનઃસ્થાપન અને પુનઃ નિર્માણનો નવો અધ્યાય શરૂ કર્યો છે. મહાકાલ હોય કે કાશી વિશ્વનાથ, પાવાગઢ હોયકે અંબાજી, તેમની શ્રદ્ધા અને પ્રતિબધ્ધતાથી નવપલ્લવિતથયા છે. વડાપ્રધાન શ્રી અયોધ્યા ના રામ મંદિર નિર્માણ કરી બતાવ્યું છે વડપ્રધાન શ્રીશક્તિના ઉપાસક છે અને એશક્તિથીદેશમાટે પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીઓ મેરી હતું કે પાવાગઢમાં ૫૦૦ કરોડના ખર્ચે ધ્વજારોહણ કરાયુંછે. ગુજરાતમાં મંદિરનું નિર્માણ શરૂ થઈ ગયું છે. આજે અંબોડમાં મહાકાલી મંદિરના નવીનીકરણ બાદ હવે યાત્રી સુવિધા પેવર બ્લોકનું પણ કામથઈગયુંછે. તેમણે રાજયમાં દરેક જગ્યાએ સ્વચ્છ તા જાળવવાની જવાબદારી આપણા સૌનીછે એમ જણાવી, દરેક વ્યક્તિને સ્વચ્છતાની જવાબદારી ઉપાડવા વિનંતી કરી હતી. શ્રીભુપેન્દ્રભાઈએ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવા માટે મહાકાલીના ચરણમાં વિનંતીઅને પ્રાર્થના કરી હતી. માણસાના ધારાસભ્ય શ્રી જયંશ પટેલે સ્વાગત પ્રવચન માં જણાવ્યુંહતું કેઅમિતભાઈએ તથા વિકાસ બોર્ડમાંથી રૂપિયા બે કરોડ આ મંદિરના નિર્માણ માટે ફાળ્યા હતા માણસા સમાજ જિલ્લા કક્ષાનીહોસ્પિટલ બનવાજઈ રહી છે અને મેડિકલ કોલેજ મંજૂર થઈ ગઈછે.

૩૦૦ કરોડના ફોર લેન રોડ ગુજરાત સરકારે આપ્યા છે, ગામે ગામે તળાવો, પીએચસી,સીએચસી બનીરહ્યાછે. તેમણે દરેક જણ ભાઈચારો બનાવીને રહે અને દરેક પરિવાર સુખી સંપૂર્ણ સમૃદ્ધ બને તેવી મિનિ પાવાગઢવાળી મહાકાળીના ચરણોમાં વિનંતીકરી હતી. ગ્રામ્ય આગેવાનોને દાતાઓએ મુખ્યમંત્રી નું ફૂલોના હારથી સ્વાગત કર્યું હતું તેમજ ઉદ્યોગપતિઓએ મહાકાલી ની મૂર્તિ ચિન્હરૂપે આપીને અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી જે ચાવડા, જિલ્લા પંચાયત ગાંધીનગર ના પ્રમુખશ્રી, માણસા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી , કલેકટર શ્રી મેહુલ દવે જિલ્લા વિકાસઅધિકારી શ્રીબી જે પટેલ યાત્રાધામ વિકાસ બોર્ડના તેમજ માણસના મૂળના વતની એવા શ્રદ્ધાળુ અને ભક્તો મોટી સંખ્યામાં હજર રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે અને રાજયના ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ બાબતે જાગૃતિ કેળવાય અને ગુજરાતના યુવાઓ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે શિક્ષણ મેળવી શકે તેવા બહુહેતુક ઉદેશ સાથે પ્રાકૃતિક કૃષિમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના કાર્ય માટે રાજય સરકાર દ્વારા ૨૦૧૭ ના વર્ષમાં ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ વિશ્વની પ્રથમ અને એકમાત્ર એવી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી એટલે કે, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વ વિદ્યાલયની સ્થાપના હાલોલ ખાતે કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં હાલોલ સ્થિત જાંબુડી ફાર્મ ખાતે ૨૩ હેકટર વિસ્તારમાં અંદાજિત રૂપિયા ૨૦૦કરોડથી વધુના ખર્ચે વિશ્વ વિદ્યાલયના કેમ્પસનું નિર્માણ કાર્ય ઝડપભેર ચાલી રહયું છે,જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. નિર્માણ થનાર આ ભવનમાં અનુસ્નાતક ભવન, યુનિવર્સિટી ભવન, કર્મચારી રહેઠાણો અને વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અદ્યતન અને સુસજ્જ ખેડૂત તાલીમ કેન્દ્ર તેમજ ખેડૂતો માટેના એક છાત્રાલયનું પણ નિર્માણ કરવામાં આવનાર છે. આ વિશ્વ વિદ્યાલયનું નિર્માણકાર્ય પૂર્ણ ના થાય ત્યાં સુધી તેનું કાર્યકારી મથક આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે કાર્યરત કરવામાં આવ્યું છે. વિશ્વ વિદ્યાલય ખાતે વિવિધ મલ્ટિ-લેયર બાગાયતી પંચસ્તરિય મોડલ અને લક્ષ્યાંધીપતિ મોડલ વિકસાવવામાં આવ્યા છે, તેમજ વિશ્વ વિદ્યાલય ફાર્મ પર પાકની વિવિધતા દર્શાવવા માટે નગર વન પ્રોજેક્ટ હેઠળ સોશિયલ ફોરેસ્ટ વિભાગ દ્વારા રાશિ વન, મિયાવાકી વન, પંચવટી, નક્ષત્ર વન, નિરાંત વન, ઔષધિય અર્બોરેન્ડમ, વન કુટીર અને એન્ટરન્સ પ્લાઝા જેવા વિસ્તારો વિકસાવવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં ૯૦ થી વધુ પ્રજાતિઓના ૨૮,૦૦૦ વૃક્ષો અને ઔષધિય છોડ પણ વાવવામાં આવ્યા છે. આ વિશ્વ વિદ્યાલય સમગ્ર ગુજરાતમાં વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ થયું છે. આ પહેલોમાં પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમો, સેમિનાર, ખેડૂત વેબિનાર, ટેલિફોનિક માહિતી સેવાઓ, ફાર્મ મુલાકાતો, મહિલા સંમેલનો, વર્કશોપ, પરિષદો, શિક્ષક અને વિદ્યાર્થી તાલીમ સત્રો અને વિવિધ પ્રમાણપત્ર અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. એક વર્ષના ગાળામાં, આ પ્રવૃત્તિઓનો સામૂહિક રીતે ૩૨,૪૧૧ થી વધુ લાભાર્થીઓ દ્વારા લાભ લેવામાં આવ્યો છે.

સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સવિશેષ સહયોગ આપનાર શાળાઓ અને સરકારી કચેરીઓનું કલેક્ટર કચેરી ખાતે સન્માન કરાયું

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર) કચેરી દ્વારા રૂ. ૨૦,૬૩,૯૭૦ એકત્રિત કરાયા તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય) દ્વારા ૭,૨૯,૫૦૭ તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય)ની કચેરી દ્વારા ૩,૯૬,૬૫૧નું ભંડોળ એકત્રિત કરાયું

આ વર્ષે અમદાવાદને મળેલા ૫૦ લાખના લક્ષ્યાંક સામે ૬૮.૨૫ લાખનું ભંડોળ એકઠું કરવામાં સફળતા મળી

કમલમ્ ન્યુઝ,

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,અમદાવાદ દ્વારા દર વર્ષે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સવિશેષ યોગદાન આપનાર સરકારી કચેરીઓ, શાળાઓ તથા સામાન્ય લોકોનું સન્માન કરવામાં આવતું હોય છે. કલેક્ટર કચેરી ખાતે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં માતબર આર્થિક સહયોગ આપનારાનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીરભાઈ પટેલ તથા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી શ્રી કર્નલ અંજનીકુમાર સિંઘના હસ્તે સવિશેષ યોગદાન આપનાર કચેરીઓના વડા તથા શાળાના આચાર્યોનું ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીરભાઈ પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લો છેલ્લાં ચાર વર્ષથી તેને અપાતા રૂ. પચાસ લાખના લક્ષ્યાંક કરતાં પણ વધારે ભંડોળ એકઠું કરે છે, તેનો આનંદ છે અને ગૌરવ પણ છે. દેશની સુરક્ષા માટે દિવસ-રાત તૈનાત રહેતા વીર જવાનો અને તેમના પરિવારને સહાય કરવી આપણા સૌની મોટી જવાબદારી છે, એવું તેમણે ઉમેર્યું હતું. શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય સેનાએ દેશના આંતરિક અને બાહ્ય દુશ્મનોથી હંમેશાં દેશનું અને નાગરિકોનું રક્ષણ કર્યું છે. સશસ્ત્ર સેનાધ્વજદિનને આપણે સૌએ એક રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવવો જોઈએ. નાગરિકોમાં આ દિવસ અંગે જાગૃતિ વધે એવા પ્રયાસો પણ કરવા જોઈએ. સશસ્ત્ર સેનાના અમૂલ્ય યોગદાનને વીસરી શકાય નહીં, એવું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના વડાશ્રી કર્નલ અંજનીકુમાર સિંઘે જણાવ્યું હતું કે આપણી પરંપરા અનુસાર દાન કદી નાનું કે મોટું હોતું નથી. દર વર્ષે ૭મી ડિસેમ્બરે ઊજવાતા સશસ્ત્ર સેના ધ્વજદિન નિમિત્તે જિલ્લામાં નાનાં બાળકોથી માંડીને નાગરિકો અને સરકારી કર્મચારીઓ યોગદાન આપતાં હોય છે. અમદાવાદ જિલ્લામાં દર વર્ષે આ યોગદાનનો આંકડો વધતો જ જાય છે, એ આનંદની વાત છે અને આ માટે હું સૌનો આભારી છું, એવું તેમણે ઉમેર્યું હતું. આ વર્ષે અમદાવાદને મળેલા રૂ. ૫૦ લાખના લક્ષ્યાંક સામે ૬૮.૨૫ લાખનું ભંડોળ એકઠું કરવામાં સફળતા મળી છે. અમદાવાદ જિલ્લો છેલ્લાં ચાર વર્ષથી સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળના લક્ષ્ય કરતાં પણ વધારે યોગદાન આપતો રહ્યો છે. ૫૦ લાખના લક્ષ્યાંક સામે વર્ષ ૨૦૨૧માં ૫૧.૦૪ લાખ, વર્ષ ૨૦૨૨માં ૫૨.૧૧ લાખ, વર્ષ ૨૦૨૩માં ૬૮.૦૦ લાખ અને આ વર્ષે રૂ. ૬૮.૨૫ લાખ એકત્ર થઈ શક્યા છે. અમદાવાદ

અમદાવાદ જિલ્લાની દસથી વધારે કચેરીએ સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં એક લાખ કરતાં વધારે યોગદાન આપ્યું

જિલ્લાની દસથી વધારે કચેરીઓ એવી છે, જેણે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં એક લાખ કરતાં વધારે યોગદાન આપ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર) કચેરી દ્વારા રૂ. ૨૦,૬૩,૯૭૦ એકત્રિત કરાયા તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય) દ્વારા રૂ. ૭,૨૯,૫૦૭ તો જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (ગ્રામ્ય)ની કચેરી દ્વારા ૩,૯૬,૬૫૧નું ભંડોળ એકત્રિત કરાયું છે. આ કચેરીઓએ પોતાના હસ્તકની શાળાઓમાંથી આ રકમ એકત્રિત કરી છે, જેમાં વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોનો પણ ફાળો નોંધાયેલો છે. સરકારી કચેરીઓની વાત કરીએ તો અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી દ્વારા ૧૦,૧૩,૩૦૧, અમ્યુકો દ્વારા ૨,૨૭,૫૭૫, નિયામકશ્રી, બોઈલરોની કચેરી દ્વારા ૨,૧૭,૦૦૦ અને ઔડા દ્વારા ૨,૧૦,૦૦૦નું યોગદાન આપવામાં આવ્યું છે. આરટીઓ (વસ્ત્રાલ), સંયુક્ત રાજ્યવેરા કમિશનરશ્રી, વિભાગ-૧, સંયુક્ત રાજ્યવેરા કમિશનર શ્રી, વિભાગ-૨ની કચેરીઓ દ્વારા એક લાખથી વધારે યોગદાન આપવામાં આવ્યું છે. સિટી મામલતદાર કચેરી, વટવા અને પોલીસ અધિક્ષકશ્રી (ગ્રામ્ય)ની કચેરી દ્વારા રૂ. ૯૦,૦૦૦થી વધારેનું યોગદાન આપવામાં આવ્યું છે. મણિનગરની જય સોમનાથ હાયર સેકન્ડરી સ્કૂલે એકલા હાથે અધધ રૂ. ૧૧,૫૧,૧૧૧નું તો દસ્ક્રોઈની શેઠ અમુલખ વિદ્યાલયે રૂ. ૩,૨૮,૫૭૯નું માતબર યોગદાન આપ્યું છે. જિલ્લાની અન્ય પાંચ શાળાઓ એવી છે, જેણે એક લાખ કરતાં વધારે યોગદાન આપેલું છે. આ તમામ કચેરીઓના વડાઓ અને શાળાઓના આચાર્યોની સાથે સાથે વ્યક્તિગત રીતે રૂ. ત્રણ લાખનું યોગદાન આપનારા શ્રી શંકરલાલ એલ. પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદના કાર્યક્ષેત્ર હેઠળ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ કચેરી દ્વારા ૮૧૮૦ પૂર્વ સૈનિકો, ૧૦૩૭ સદગત સૈનિકોની ધર્મપત્નીઓ તથા ૨૬,૬૧૪ સૈનિકોના આશ્રિતોને વિવિધ યોજનાઓ થકી લાભ પહોંચાડવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા સૈનિક કલ્યાણ અ પુનર્વસવાટ કચેરીના મદદનીશ અધિકારીશ્રી ભરતસિંહ કે. ચાવડા, કાર્યાલય અધિક્ષક શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, હોસ્ટેલ અધિક્ષક શ્રી રાજુભાઈ ચૌહાણ તથા શ્રી ગજેન્દ્રસિંહ ચવડા, શ્રી સરદારસિંહ પરમાર સહિતના કર્મીઓએ જહેમત ઉઠાવી હતી.

બાળકીઓની સુરક્ષા, સ્વાસ્થ્યને લગતી સુવિધા સહિતની વિગતોની સમીક્ષા કરી

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પે. મોનીટર શ્રી બાલકૃષ્ણ ગોયલ દ્વારા સ્પે. હોમ ફોર ગર્લ્સની મુલાકાત

કમલમ્ન્યુઝ, રાજકોટ

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સ્પેશિયલ મોનીટર શ્રી બાલકૃષ્ણ ગોયલે આજે રાજકોટમાં ભક્તિનગર ખાતે સ્પેશિયલ હોમ ફોર ગર્લ્સની મુલાકાત લીધી હતી અને બાળકીઓની સલામતી, સ્વાસ્થ્ય સુવિધા સહિતના વિવિધ પાસાઓની સમીક્ષા કરી હતી. શ્રી ગોયલે બાળકીઓને આપતા વિવિધ ભોજન, સુરક્ષા વ્યવસ્થાની વિગતો જાણી હતી. આ પરિસરમાં મુલાકાતીઓના રજિસ્ટર તેમજ અન્ય દસ્તાવેજોની ચકાસણી કરી હતી અને મુલાકાતીઓના રજિસ્ટર, હેલ્થ રજિસ્ટરને ચીવટપૂર્વક નિભાવવા જણાવ્યું હતું. તેમણે સ્ટાફ સાથે વાતચીત કરીને તેમની કામગીરી જાણી હતી તેમજ સ્ટાફને જૂવેનાઇલ જસ્ટિસ એક્ટનો વધુ અભ્યાસ કરવા સૂચન કર્યું હતું. આગામી સમયમાં જરૂર પડ્યે આ એક્ટ અંગે સ્ટાફની તાલીમનું આયોજન કરવા પણ સૂચવ્યું હતું. શ્રી ગોયલે વિવિધ કેસની સમીક્ષા કરી હતી અને સ્ટાફને કાયદાકીય પાસા તેમજ અન્ય બાબતો અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સ્પેક, ફાર્મસીમાં NSS વાર્ષિક કેમ્પ: ૨૦૨૪ના છેલ્લા દિવસે વિવિધ સામાજિક કાર્યક્રમોનું આયોજન

કમલમ્ ન્યુઝ,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કૉલેજ ઓફ ફાર્મસીના એન.એસ.એસ. સેલ દ્વારા "NSS વાર્ષિક કેમ્પ- ૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના છેલ્લા દિવસે, એન.એસ.એસ. સેલ ના સ્વયંસેવક વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, મંદિરની સ્વચ્છતા, યોગ, પરેડ, બેગ અને નોટબુકનું વિતરણ, શાળામાં કાગળના બેગનું વિતરણ, કેજી વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ, રમતગમતના વિજેતાઓને ગિફ્ટનું વિતરણ અને સેનેટરી પેડનું વિતરણ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં શ્રી શિતલ પટેલ, ડૉ. ધવલ પટેલ અને ડૉ. રાકેશ પરમાર હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ઈવેન્ટ કૉઓર્ડિનેટર શિવાની કાપટેલ અને શિવાની પટેલ ના માર્ગદર્શન અને સહાયથી આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્પેકના એન.એસ.એસ. સેલના કો-ઓર્ડિનેટર્સ પ્રો. રાજેશ્રી મકવાણા અને પ્રો. ઉર્મિલા પટેલ, તેમજ આઈ.ક્યૂ.એસી કો-ઓર્ડિનેટર પ્રો. ઝંખના શેઠ અને પ્રો. પ્રિયલ ચૌહાણનો મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યો હતો. આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી ગિરીશ પટેલ, સેક્રેટરીશ્રી શિતલ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિન પટેલ, ધર્મેશ પટેલ, વિકાસ પટેલ, બ્રિજેશ પટેલ, ભાવિન પટેલ તથા પ્રિન્સિપાલ ડૉ. ધવલ પટેલ તથા વાઈસ પ્રિન્સિપાલ ડૉ. રાહીલ ભૂરા તેમજ સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્પેક, એન્જિનિયરિંગમાં ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલ દ્વારા "હેરાલ્ડ લોજિક પ્રાઈવેટ લીમિટેડ" કંપનીની પ્લેસમેન્ટ ડ્રાઈવ યોજાઈ હતી. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં હેરાલ્ડ લોજિક પ્રાઈવેટ લીમિટેડ કંપનીના પ્રતિનિધિ મુંબઈથી આવ્યા હતા. આ પ્લેસમેન્ટ ડ્રાઈવ કમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ઈન્ફોરમેશન ટેકનોલોજી વિભાગના ચોથા વર્ષના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. જેમાં ૧ કમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ૧ ઈન્ફોરમેશન ટેકનોલોજી વિભાગના વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડ માટે સિલેક્ટ થયા હતા. આ પ્લેસમેન્ટ ડ્રાઈવનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કંપનીમાં ઈન્ટર્નશિપ મળે તેમજ કંપનીમાં પ્લેસમેન્ટ મળી રહે તે હતો. આ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા માટે ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ સેલના સંયોજક પ્રો. મિરલકુમાર દરજી અને પ્રો. રૌનક રાણાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સંસ્થાના ચેરમેન શ્રી ગિરીશ પટેલ, સેક્રેટરીશ્રી શિતલપટેલ તેમજ ટ્રસ્ટીશ્રીઓ જૈમિનપટેલ, ધર્મેશપટેલ, વિકાસપટેલ, બ્રિજેશપટેલ, ભાવિન પટેલ અને સ્પેક, એન્જીનિયરીંગના આઈ.ક્યુ.એ.સી. કોર્ડિનેટર પ્રો. જય પટેલ તેમજ આચાર્યશ્રી ડૉ. નાનક પમનાણીએ સૌને અભિનંદન પઠવ્યા હતા.

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે આયોજિત ઉપક્રમે વિકસિત ભારત@2047 ચિત્ર પ્રદર્શનનું સમાપન

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય સંચાર બ્યુરો અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે વિકસિત ભારત @2047 ચિત્ર પ્રદર્શનની આજે માનનીય કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડા સાહેબએ મુલાકાત લીધી હતી. જેનાં સમાપન સમારોહમાં અહીં રજૂ કરેલી માહિતી લોકોપયોગી હોવાનું તેઓશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વિકસિત ભારત માટેની સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી છે. તે ખૂબ લોકોપયોગી છે. યુવાનોએ આવી માહિતીની જાણકારી મેળવી પોતાના તેમજ અન્યને ઉપયોગમાં આવે એ માટે પ્રસાર કરવો જોઈએ. કાર્યક્રમનાં સમાપન સમારોહમાં પોસ્ટ વિભાગનાં રિંકેશભાઈ જરીવાલા, પ્રેમરાજ મીણા અને યુનિવર્સિટી રોજગાર કચેરીનાં ચાંદની દેસાઈને તેમની કામગીરી

માટે સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી, પરીક્ષા નિયામકશ્રી, એન.એસ.એસ. કોર્ડીનેટર સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને અન્ય અધિકારીશ્રીઓનું તુલસી રોપ અને પુસ્તક દ્વારા ક્ષેત્રિય પ્રચાર અધિકારી ઈન્દ્રવદનસિંહ ઝાલાએ સ્વાગત કર્યુ હતુ. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ મેહુલ ફાઉન્ડેશન નાં કલાકારો દ્વારા મનોરંજન સાથે માહિતી આપવામાં આવી હતી. આ પ્રદર્શનને સફળ બનાવવા અમૃતભાઈ સોનેરી અને રોશનભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

૧૪મા ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ્ઝ કોન્ફરન્સ'નો આજે સમાપન

સિવિલ ડિફેન્સ - હોમગાર્ડના ડાયરેક્ટર જનરલ દિલ્લી શ્રી એસ. બી. કે. સિંઘ, IPS અને શ્રી મનોજ અગ્રવાલ, IPS ડાયરેક્ટર સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં યોજાયો સમાપન કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે ૧૪મા ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ્ઝ કોન્ફરન્સ'નો સિવિલ ડિફેન્સ - હોમગાર્ડના ડાયરેક્ટર જનરલ દિલ્લીશ્રી એસ. બી. કે. સિંઘ, IPS અને શ્રી મનોજ અગ્રવાલ, IPS ડાયરેક્ટર સિવિલ ડિફેન્સ અને કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં સમાપન કાર્યક્રમ યોજાયો હતો. આ બે દિવસીય સંમેલન દરમિયાન પાંચ સત્રોમાં હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સને મજબૂત કરવા, ક્ષમતા નિર્માણ અને આપત્તિ વ્યવસ્થાપનમાં તેમની ભૂમિકા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સ રાજ્યો વચ્ચે સંવાદના માધ્યમ તરીકે પણ અસરકારક સાબિત થઈ છે, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ્ઝ દળ કેવી રીતે ઉભરતા પડકારોનો સામનો કરી શકે છે અને વ્યાપકપણે સમાજમાં જાગૃતિ લાવી શકે છે અને નવી ભાવના ફેલાવશે તેની વિસ્તૃત ચર્ચા કોન્ફરન્સમાં કરવામાં આવી હતી. ટેકનોલોજીના જમાનામાં આધુનિક ટેકનોલોજી લાભ લઈ દળને સુદ્રઢ અને સુચારું રૂપે સંચાલન કઈ રીતે થાય તેની વિગતવાર ચર્ચા થયેલ હતી. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીએ વર્ષ ૧૯૬૨થી અત્યાર સુધી હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સને મહત્ત્વ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સિવિલ ડિફેન્સ ડિરેક્ટોરેટની સ્થાપના ૧૯૬૨માં કરવામાં આવી હતી અને સિવિલ ડિફેન્સ એક્ટ ૧૯૬૮માં પસાર કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧નાં યુદ્ધો દરમિયાન હોમગાર્ડ્ઝ અને નાગરિક સંરક્ષણનાં સ્વયંસેવકોનાં અમૂલ્ય પ્રદાન આપ્યું છે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ

દરમિયાન, હોમગાર્ડ્ઝ અને સિવિલ ડિફેન્સ સંસ્થાઓએ આવશ્યક માળખાગત સુવિધાઓનું રક્ષણ કરવામાં, નાગરિકોને સામાન્ય તાલીમ પૂરી પાડવામાં અને સશસ્ત્ર દળો અને સ્થાનિક વહીવટના સહયોગથી તેમને સલામત સ્થળોએ સ્થળાંતર કરવા મદદ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેથી લાંબો સમય વીતી ગયો હોવાથી સંસ્થાના ચાર્ટરમાં વર્તમાન સમયની જરૂરિયાત મુજબ સમીક્ષા કરવી અને યોગ્ય ફેરફારો કરવાની તાતી જરૂરિયાત વર્તાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગઈકાલે મહાત્મા મંદિર- ગાંધીનગર ખાતે બે દિવસીય '૧૪મી ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડ્ઝ કોન્ફરન્સ'નો શુભારંભ કરાવ્યો હતો.

આ સંમેલનના સમાપન સમારોહમાં ગુજરાત રાજ્યના ડૃ્ય શ્રી વિકાસ સહાય, IPS વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા અને બે દિવસીય આ સંમેલનમાં દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અખિલભારતીય સેવા આયોગના DG, ADGP, કલેક્ટર વગેરે રેંકના ૬૦ થી વધુ અધિકારીઓએ ભાગ લીધો હતો.

નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય એકતા પરેડ-દિપોત્સવી પર્વ આયોજન અમલવારી અંગે બેઠક યોજાઈ

રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ નર્મદા ઘાટ ખાતે સાંધ્ય નર્મદા મૈયા આરતીમાં દોઢ લાખ દિવડા પ્રગટાવાશે, રેવાનો ઘાટ રોશનીથી ઝળહળી ઉઠશે

ચૂંટાયેલા જનપ્રતિનિધી, સંગઠનના લોકો પણ આરતીમાં ઉત્સાહભેર ભાગ લેશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નર્મદા ઘાટે દિપ પ્રાગટ્ય કરી મહા આરતીમાં સહભાગી થશે

કમલમ્ન્યુઝ,શૈશવ રાવ

આગામી ૩૧મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ સરદાર પટેલ સાહેબની ૧૪૯મી જન્મજયંતિ પ્રસંગે નર્મદા જિલ્લાના એકતાનગર- કેવડિયા ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડ કાર્યક્રમ યોજાશે.

શૂલપાણેશ્વર મહાદેવ મંદિર નજીક ગોરા નર્મદા ઘાટ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ દિપોત્સવી પ્રાગટ્ય પર્વ-૨૦૨૪ કાર્યક્રમ ૩૦મી ઓક્ટોબરે નર્મદા ઘાટ ઉપર સાંધ્ય આરતી- આતશબાજી -દિપ પ્રાગટ્યનો કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રધાનમંત્રીશ્રી સાંધ્ય નર્મદા મહા આરતીમાં દિપ પ્રાગટ્ય કરીને આરતીનો પ્રારંભ કરાવશે. જેમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને રાજ્યના વરિષ્ઠ ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહીને આરતીમાં ભક્તિ ભાવ અને પૂર્ણ શ્રદ્ધા આસ્થા સાથે આ આરતીમાં સામેલ બનશે. અને ૧.૫૦ લાખથી વધુ દિવડાઓ પ્રગટાવી માં રેવાનો આ પવિત્ર ઘાટ રોશનીથી ઝળહળી ઉઠશે અને નર્મદાઘાટને સુશોભિત કરી ફૂલોથી શણગારવામાં આવશે. તા.૨૩મી ઓક્ટોબરે સાંજે કલેક્ટર કચેરી ખાતેના સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા પોલીસ વડાશ્રી પ્રશાંત સુંબે, જીલ્લા વિકાસ અધિકારીશ્રીનાયક, નિવાસી અધિક કલેક્ટરશ્રી નારાયણ માધુ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે.જાદવ, નાયબ કલેક્ટરશ્રી દર્શક વિઠલાણી, નાયબ કલેક્ટર પ્રોટોકોલશ્રી એન.એફ.વસાવા, પ્રાંત અધિકારીશ્રી ડો.કિશનદાન ગઢવી સહિત ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીના પ્રતિનિધિઓ અને સંબંધિત અધિકારીશ્રીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. અને સુચારૂ આયોજન અમલવારીઅંગે ચર્ચા-વિચારણા કરી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં કલેકટર શ્રી કે. સી. સંપટના અધ્યક્ષસ્થાને "જિલ્લા સ્વાગત કાર્યક્રમ" યોજાયો

અરજદારો દ્વારા રજૂ થયેલ ૧૩ જેટલા પ્રશ્નોનું ઝડપથી અને સમય મર્યાદામાં નિરાકરણ કરવા માટે સૂચના આપતા કલેકટરશ્રી

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના અરજદારોના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય તે માટે જિલ્લા કલેકટર શ્રી કે. સી. સંપટના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, સભાખંડ ખાતે "જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" યોજાયો હતો. જેમાં લેન્ડ ગ્રેબિંગ, સ્વચ્છતા,જમીન માપણી જેવા જુદા જુદા ૧૩ પ્રશ્નોમાં હકારાત્મક નિરાકરણ કરાયું હતું. આ તકે કલેકટરશ્રીએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની વિવિધ વિભાગોનેસંલગ્ન રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત અધિકારીઓને જરૂરીસૂચનાઓ - માર્ગદર્શન આપ્યું હતું. તેમજ અરજદારો દ્વારા રજૂ થયેલા પ્રશ્નો ઝડપથી ઉકેલાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના પણ આપી હતી. આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટરશ્રીઆર. કે. ઓઝા, નાયબ જિલ્લા વિકાસઅધિકારી શ્રી મિલન રાવ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ તથા અરજદારો ઉપસ્થિત રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, રાજયના નાગરિકોના પ્રશ્નોનું ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી આરંભાયેલ સ્વાગત-ફરિયાદ નિવારણના પ્રજાલક્ષી કાર્યક્રમ અંતર્ગત હજારો અરજદારોના પ્રશ્નોનું સુખદ નિરાકરણઆવી રહ્યુંછે. પ્રતિમાસ સ્વાગત કાર્યક્રમઅંતર્ગત રાજ્યમાં તાલુકા, જિલ્લાઅને રાજ્ય કક્ષાએ સ્વાગતકાર્યક્રમ યોજાય છે. સમગ્ર રાજ્યમાં દર મહિનાના ચોથા ગુરુવારે "જિલ્લાસ્વાગતફરિયાદ નિવારણ" કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. જે પ્રશ્નોનું આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર નાગરિકો અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ અધિક નિવાસી કલેકટર શ્રી દિંગત બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાયો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ આજરોજ અધિક નિવાસી કલેકટર શ્રી દિંગત બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલા ૨૧ પ્રશ્નોમાંથી ૧૯ પ્રશ્નનો હકારાત્મક ઉકેલઆવ્યો હતો. બે પ્રશ્ન પેન્ડીંગ રાખવામાંઆવ્યા હતા. ગાંધીનગર જિલ્લાના નાગરિકોના પ્રશ્નોના નિરાકરણ માટે દર માસના છેલ્લા ગુરૂવારના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાંઆવે છે. આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ તથા અધિક નિવાસી કલેકટર શ્રી દિંગત બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ૨૧ વિવિધ પ્રશ્નોની રજૂઆત નાગરિકો દ્વારા કરવામાંઆવી હતી. જેમાં રી સર્વે રેકર્ડ પ્રમોગેશન બાદ માલૂમ પડતી ક્ષતિઓ સુધારવા બાબત, બિન અધિકૃત બાંધકામ અને દબાણ દૂર કરવા બાબત, રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ પ્રવૃત્તિ દૂર કરવા બાબત, ગંદકી અને ગૌચરની જમીન બાબત જેવા વિવિધ પ્રશ્નોની રજૂઆત નાગરિકો દ્વારા કરવામાં આવી હતી. રજૂ થયેલા ૨૧ જેટલા પ્રશ્નોમાંથી ૧૯ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવ્યો હતો. બે પ્રશ્ન પેન્ડીંગ રાખવામાં આવ્યાહતા.જેનો સત્વરે નિકાલ આવે તે માટે અધિક નિવાસી કલેકટરશ્રીદ્વારા સંબધિત અધિકારીઓને સુચન કરાયું હતું જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં તમામ અરજદારોની રજૂઆતતેમના મુખે અધિક ક્લેકટરશ્રીએ સાંભળી હતી. સંબંધિત અધિકારી પાસેથી અરજદારની રજૂઆતનો જવાબ અને કેટલા દિવસમાંતેમના પ્રશ્નનો સુખદ ઉકેલ આવશે, તેની માહિતી મેળવી હતી. તેમજ નાગરિકોની અરજીનોજવાબ બનેતેટલી ઝડપી, સચોટ, પારદર્શકઅને સંતોષકારક રીતે આપવા પણ સર્વે કચેરીઓના અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર પ્રાંત અધિકારીશ્રી બ્રિજેશ મોડિયા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર દ્વારા નૂતન કોલેજ ઓફ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ ૨૪ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વિશ્વ પોલિયો દિવસ ઉજવણી કરી હતી. આ કાર્યક્રમની થીમ એ હતી કે રસીઓ બધા માટે કામ કરે છે અને તે કમાણા ગામ ખાતે રેલી યોજી. આ કાર્યક્રમ સમુદાય આરોગ્ય વિભાગ, નૂતન કોલેજ ઓફ નર્સિંગ વિસનગર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. જે બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી એ પ્રિન્સિપાલ ડો. શિવા સુબ્રમણ્યમ સહિત નર્સિંગ વિભાગ ને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ બધા માટે ખૂબ જ અસરકારક રહ્યો.

કમલમ્ ન્યુઝ,

ધારાસભ્ય વિધાનસભા ૬૯ ડો. દર્શિતા શાહ એ ભારતીય જનતા પાર્ટી દ્વારા સક્રિયતા સદસ્ય નોંધણી ડ્રાઈવ અંતર્ગત સક્રિય સદસ્ય તરીકે પોતાનું નામાંકન કરાવ્યું..

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા ૬૯ માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોર પ્રાથમિક શાળા નંબર ૬૪-બી ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષાની ગ્રાન્ટ માંથી આધુનિક સુવિધાસજ્જ નવા બિલ્ડીંગનું ખાતમહૂર્ત કરાયું..

સાણંદ તાલુકામાં સગર્ભા માતાઓ માટે ફૂલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન

જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગ અને માનવસેવા ટ્રસ્ટના સહયોગથી સગર્ભા માતાઓની આરોગ્યની તપાસ કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ઘટક ૧ ખાતે અમદાવાદ જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગ અને માનવસેવા ટ્રસ્ટના સહયોગથી સગર્ભામાતાઓની આરોગ્યની તપાસ કરવામાંઆવી હતી. આ કાર્યક્રમમાંસગર્ભા માતાઓનું ફૂલ બોડીચેકઅપ કરવામાંઆવ્યું હતું અને સાથે જ તેમને પૌષ્ટિક સુખડીનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાંબાળ વિકાસયોજના અધિકારીશ્રી, માનવસેવા સંસ્થાના ટ્રસ્ટીશ્રી અને આંગણવાડી કાર્યકર બહેનો હાજર રહ્યા હતા.

રાજ્યમાં ઓગષ્ટ-૨૦૨૪ મહિનામાં વરસેલા ભારે વરસાદથી નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે સરકાર દ્વારા કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રૂ. ૧૪૧૯.૬૨ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી કેબિનેટ બેઠકમાંખેડુત હિતલક્ષીમહત્વનો નિર્ણય કરાયો છે. રાજ્યમાં તાજેતરમાં ભારે વરસાદથી થયેલનુકશાનને પગલે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે જેની વિગતો આપતા પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં ઓગષ્ટ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારાઉદાર હદયે રૂ. ૧૪૧૯.૬૨ કરોડનીમાતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.જેમાંરૂ. ૧૦૯૭.૩૧ કરોડ SDRF હેઠળ અને રાજ્ય બજેટમાંથીસહાય પેટે રૂ. ૩૨૨.૩૩ કરોડ ચૂકવાશે. મંત્રી શ્રી પટેલે રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, ઓગષ્ટ માસમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિદ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત,પાટણ અનેછોટા ઉદેપુર એમ ૨૦ જિલ્લાના મળી કુલ ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોમાં ભારે વરસાદ વરસતાઅસરગ્રસ્ત થયાહતા. આ અસરગ્રસ્ત વિસ્તારમાં વિવિધ ટીમોની રચના કરી વિગતવાર સર્વેહાથ ધરવામાં આવ્યો હતો. કુલ ૧૨૧૮જેટલી ટીમોએ આ અસરગ્રસ્ત વિસ્તારમાંસર્વે હાથ ધર્યો હતો.જેના આધારે આશરે ૭લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. ખેડૂતોનેનિયમોનુસારની સહાય આપવા માટેનિયત કરાયેલાધોરણો અંગે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને SDRF-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીનેરાજ્ય ભંડોળમાંથી/ રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૩૨૨.૩૩ કરોડની ટોપ અપ સહાય અપાશે. કૃષિમંત્રી શ્રી રાઘવજીપટેલે કૃષિ રાહત પેકેજ માટે રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો વિશે વિસ્તૃત વિગતો આપી હતી.તદ્અનુસાર,

(૧) ખરીફ ૨૦૨૪-૨૫ઋતુના વાવેતર કરેલાબિનપિયત ખેતીપાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૮,૫૦૦તેમજ રાજ્યબજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય અપાશે.

(૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૧૭,૦૦૦તેમજ રાજ્યબજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય અપાશે.

(૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાયચૂકવવાપાત્ર રકમરૂ. ૩,૫૦૦ કરતાં ઓછીથતી હોય, તોતેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ. ૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે. આ પેકેજમાં બિન પિયત પાકો માટે રૂ. ૪૭૫.૭૧ કરોડ, પિયત પાકો માટે રૂ. ૯૪૨.૫૪ કરોડ અને બહુવર્ષાયુ પાકો માટે રૂ.૧.૩૭ કરોડ મળી કુલ રૂ. ૧૪૧૯.૬૨ કરોડ સહાય ચૂકવવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્તગામોની યાદીજાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોનાનિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે.

ગુજરાતની ઊર્જાવાન ઊર્જા ટીમમાં વધુ ૩૯૪ નવા જુનિયર ઈજનેરો જોડાયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જા વિભાગની વિવિધ કંપનીઓના નવનિયુક્ત ઇજનેરોને નિમણૂક પત્રો એનાયત કર્યા

ઊર્જાવાન ગુજરાત માટે ઊર્જાકર્મીઓની કાર્યકુશળતાની ઊર્જાનું મહત્વપૂર્ણ યોગદાન : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઊર્જા વિભાગની ચાર વીજ વિતરણ કંપનીઓમાં નવી નિમણૂક પામેલા ૩૯૪ જુનિયર ઈજનેરોને ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કર્યાહતા. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ઊર્જા ટીમમાં નવી નિમણૂક પામી રહેલા આ યુવા ઈજનેરોની કાર્યકુશળતાથી ઊર્જા ક્ષેત્ર વધુ દીપી ઉઠશે તેવી અપેક્ષા આ તકે વ્યક્ત કરી હતી. એમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્રાન્સપેરન્સીથી ભરતી માટેની એકસિસ્ટમ ઊભી કરીછે. આના પરિણામે નાનામાં નાના, છેવાડાના, યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને સરળતાથી સરકારી સેવામાં જોડાવાની તક મળે છે. ઊર્જા સેકટર જેવા સમાજના અગત્યના ક્ષેત્રમાં વિઝનરી નેતૃત્વ કેવો બદલાવ લાવી શકે છે તેનું દ્રષ્ટાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના, સોલાર પાર્ક, સોલાર રૂફટોપ, કિસાન સૂર્યોદય, પી.એમ. સૂર્યઘર મુફ્ત વીજળી યોજનાજેવી યોજનાઓના સફળ અમલથી પૂરું પાડ્યું છે એની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક્ત યુવા ઈજનેરોને પ્રેરણા આપતા ઉમેર્યું કે, લોકોની પાયાની જરૂરિયાત એવી વીજળી-ઊર્જા સાથેસંકળાઈને જે જનસેવાની તક તમને મળી છે તેને તમારી વીજ કંપનીના કાર્યદક્ષ વ્યાપથી વધુ વિસ્તારજો. રાષ્ટ્રહિત, રાજ્ય હિત હૈયે રાખીને કાર્યરત રહેવા સાથે ઊર્જા કર્મીઓ વાવાઝોડા, વરસાદ, પૂર જેવી કપરી સ્થિતિમાં જીવના જોખમે ખડે પગે રહીને લોકોના ઘરોમાં અજવાળું પાથરે છે તે માટે તેમણે સમગ્ર ઊર્જા ટીમને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આવી ટીમની કાર્યકુશળ ઊર્જા અને જનસેવા પ્રતિબદ્ધતાથીજ ગુજરાત ઊર્જાવાન બન્યું છે. આપણે સૌએ સાથે મળીને કર્તવ્યરત રહી૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ઊર્જાવાન ગુજરાતનું નિર્માણ કરવાનું છે તેવું આહવાન પણ તેમણે નવનિયુક્ત યુવા ઈજનેરોને શુભેચ્છાઓ પાઠવતા કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે PGVCLની નવનિર્મિત આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, રાજકોટ ખાતે GETCO ના વાજડી ટ્રેનિંગસેન્ટર, SLDC ના નવા રિન્યુએબલએનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ તેમજ GETCO ના ૭ નવા સબ-સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ E-CGRF પોર્ટલ, GUVNLની "ઊર્જા સંવાદ" મેગેઝિન તેમજ બુકલેટનું પણ લોન્ચિંગ કર્યું હતું. ગુજરાતના કર્મનિષ્ઠ વીજકર્મીઓની કામગીરીને આ અવસરે બિરદાવતાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે ગુજરાત ૨૪ કલાક વીજળીથી ઝગમગતું અને ઊર્જાવાન બન્યું છે. વાવાઝોડું, ભારે વરસાદ જેવી કટોકટીની પરિસ્થિતિ વચ્ચે પણ નાગરિકોને વીજ પુરવઠો પૂરો પાડવા વીજ કર્મીઓએ સતત ખડેપગે રહીને માત્ર ૨૪ થી ૩૬ કલાકમાં વીજ પુરવઠો પૂર્વવત કર્યો હતો. નવનિયુક્ત યુવાનોને અભિનંદન પાઠવતાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, તમને દેશની ઉત્તમ સેવા કરવાનો અવસર મળ્યો છે. ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીને ઉમદા કાર્યપદ્ધતિ માટે ૭ પ્લસ ગ્રેડ પ્રાપ્ત થયો છે. નવા નિમણૂક મેળવનારા તમામ કર્મચારીઓએ આ જ રીતે ઉમદા કામગીરી કરીને આ ગ્રેડને જાળવી રાખશે તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી. મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં અતિવૃષ્ટિ જેવી કટોકટીની કોઈપણ પરિસ્થિતિમાં વીજળીની ગુણવત્તા વધારવા અને જોખમને ઘટાડવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દરિયાકિનારાથી ૫૦ થી ૬૦ કિલોમીટર સુધીની તમામ કેબલિંગ લાઈન અન્ડર ગ્રાઉન્ડ કરવાની પ્રેરણા આપી છે તે દિશામાં ઊર્જા વિભાગ આગળ વધશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને દિવસે પણ વીજળી આપવાના મુખ્યમંત્રીશ્રીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ખૂબ ઝડપથી કામગીરી થઈ રહી છે. ૯૦% ગામડાઓમાં કામગીરી પૂર્ણ થઈ છે. બાકીની કામગીરી આગામી ડિસેમ્બર મહિના સુધી પૂર્ણ કરાશે, તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે નવનિયુક્ત જુનિયર ઈજનેરોને શુભકામનાઓ પાઠવતા કહ્યું હતુંકે, આજના યુગમાં વીજળી નાગરિકોની પ્રાથમિક જરૂરિયાત છે. રાજ્યના દરેક નાગરિક સુધી અવિરત વીજ પુરવઠો મળતો રહે તે તમામ વીજ કર્મીઓએ સુનિશ્ચિત કરવાનું છે. મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતુંકે, તાજેતરમાંજ ગુજરાત મુલાકાતેઆવેલા ૧૬માં નાણા પંચે પણ રાજ્યના વીજ ક્ષેત્રની સરાહના કરી હતી. ભવિષ્યમાં ગ્લોબલ વોર્મિંગ જેવા અનેક પડકારો સામે રિન્યુએબલ એનર્જીક્ષેત્રની દિશામાં નવયુવાનોએ કામ કરવું અનિવાર્ય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ સમારોહના પ્રારંભે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદરે સૌનું શાબ્દિક સ્વાગત કરીને નવનિયુકત જુનિયર ઈજનેરોને ઊર્જા વિભાગમાં આવકાર્યા હતા. GUVNL નામેનેજિંગડિરેક્ટર શ્રી જયપ્રકાશ શિવહરે દ્વારા આભારવિધિ કરવામાંઆવી હતી. આપ્રસંગેગાંધીનગરમહાનગરપાલિકા ના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ઊર્જા વિભાગ અને GUVNL સંલગ્ન વીજ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ અને નવનિયુક્ત ઉમેદવારો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

વાવાઝોડા-વરસાદ-પુર જેવી આપદામાં લોકોના ઘરમાં વીજળીના અજવાળા યથાવત રાખવા વીજકર્મીઓ સતત ખડે પગે સેવારત રહે છે :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

ચક્રવાત દાના - ઇમરજન્સી ઓપરેશન્સ માટે ભારતીય નૌકાદળની તૈયારીની પ્રવૃત્તિઓ

કમલમ્ ન્યુઝ,

ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ચક્રવાત દાનાની ગંભીર અસરની આશંકામાં, ભારતીય નૌકાદળ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) કામગીરી હાથ ધરવાની તૈયારી કરી રહ્યું છે. ઈસ્ટર્ન નેવલ કમાન્ડે આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં નેવલ ઓફિસર્સ-ઈન-ચાર્જ (NOIC) સાથે સંકલનમાં એક વ્યાપક આપત્તિ પ્રતિભાવ તંત્ર સક્રિય કર્યું છે. રાજ્ય વહીવટીતંત્ર દ્વારા માંગવામાં આવે તો આવશ્યક પુરવઠો અને તબીબી સહાય પૂરી પાડવા માટે બેઝ વિક્ટ્યુઅલિંગ યાર્ડ (BVY), મટિરિયલ ઓર્ગેનાઈઝેશન અને નેવલ હોસ્પિટલ NHS કલ્યાણી જેવા એકમો સાથે મળીને કામ કરી રહી છે. આ તૈયારીના ભાગરૂપે, HADR પેલેટ્સ, જેમાં આવશ્યક કપડાં, પીવાનું પાણી, ખોરાક, દવાઓ અને કટોકટીની રાહત સામગ્રીનો સમાવેશ થાય છે, અસરગ્રસ્ત થવાની સંભાવના હોય તેવા વિસ્તારોમાં મુખ્ય સ્થળોએ રસ્તા દ્વારા તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જો જરૂર પડે તો પૂર રાહત અને ડાઈવિંગ ટીમોને સંકલિત બચાવ અને રાહત કામગીરીમાં મદદ કરવા માટે એકત્રિત કરવામાં આવી રહ્યાં છે. સમુદ્રમાંથી રાહત પ્રયાસોને ટેકો આપવા માટે, પૂર્વીય ફ્લીટના બે જહાજો પુરવઠો અને બચાવ અને ડાઈવિંગ ટીમો સાથે ઉભા છે. ભારતીય નૌકાદળ પરિસ્થિતિનું નજીકથી નિરીક્ષણ રાખી રહી છે અને હાઈ એલર્ટ પર છે, નાગરિક અધિકારીઓ અને ચક્રવાત દાનાથી પ્રભાવિત લોકોને પોતાનું સમર્થન આપવા માટે તૈયાર છે.

ડાંગ જિલ્લા દક્ષિણ વન વિભાગે વન ઘુવડ (ડાંગી ચિબરી) સંરક્ષણ દિવસની ઉજવણી કરી

કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગ જિલ્લા દક્ષિણ ડાંગ વન વિભાગ તથા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન સોસાયટી ઓફ ઈન્ડિયાના (WCSI) સંયુક્ત ઉપક્રમે તા. ૨૪ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ કિલાદ કેમ્પસાઈટ ખાતે વન ઘુવડ (ડાંગી ચિબરી) સંરક્ષણ દિવસની ઉજવણી કરી હતી. દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી પ્રસાદ રવિ રાધાકિષ્ણાની સુચના તથા અધિક્ષક શ્રી બોટાનિકલ ગાર્ડન-વઘઈ શ્રી ડી.કે.રબારીના માર્ગદર્શન હેઠળ વાંસદા નેશનલ પાર્કના કાર્ય વિસ્તારમાં આવેલ કિલાદ કેમ્પસાઈટ ખાતે Forest Owl[a] Conservation Day (વન ઘુવડ (ડાંગી ચિબરી) સંરક્ષણ દિવસ)ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દક્ષિણ ડાંગ વન વિભાગનો સ્ટાફ તથા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન સોસાયટી ઓફ ઈન્ડિયાના (WCSI) પ્રોજેક્ટ મેનેજર શ્રી કૌશલભાઈ પટેલ તથા બર્ડ વોચરના નિષ્ણાંત શ્રી મિતુલ દેસાઈ, શ્રી મહમદભાઈ તથા આસપાસના વિસ્તારના બર્ડ વોચરો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક બર્ડ વોચરોએ પોતાના અનુભવો તથા બર્ડ વોચીંગની સમજુતી આપી હતી. કાર્યક્રમના અંતે ડાંગી ચિબરી (Forest Owl[a]) નું સંરક્ષણ કરવાની તથા જાગૃતિ લાવવા માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. તેમ વાંસદા નેશનલ પાર્ક નવતાડના અધિક્ષકશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

૧૦૬ લાખ માનવ-દિવસો માટે સીધી રોજગારીનું સર્જન કરશે

કેબિનેટે રૂ. ૬,૭૯૮ કરોડનાં અંદાજિત ખર્ચ સાથેનાં બે પ્રોજેક્ટને મંજૂરી આપી છે અને કનેક્ટિવિટી પ્રદાન કરવા, મુસાફરીમાં સરળતા લાવવા, લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવા, ઓઇલ આયાત ઘટાડવા અને કાર્બન ડાયોક્સાઇડનાં ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે પાંચ વર્ષમાં પૂર્ણ થશે

પ્રોજેક્ટ્સ સંપર્ક વિહોણા વિસ્તારોને જોડતી લોજિસ્ટિક કાર્યક્ષમતામાં સુધારો કરશે, હાલની લાઇન ક્ષમતામાં વધારો કરશે અને પરિવહન નેટવર્કમાં વધારો કરશે, જેના પરિણામે સપ્લાય ચેઇન સુવ્યવસ્થિત થશે અને આર્થિક વૃદ્ધિને વેગ મળશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિ (સીસીઈએ)એ રેલવે મંત્રાલયની બે પરિયોજનાઓને મંજૂરી આપી દીધી છે, જેનો કુલ અંદાજિત ખર્ચ રૂ. ૬,૭૯૮ કરોડ (અંદાજે) છે. બે મંજૂર થયેલા પ્રોજેક્ટ્સ છે – (ક) નરકટિયાગંજ-રક્સૌલ-સીતામઢી-દરભંગા અને સીતામઢી-મુઝફ્ફરપુર સેક્શનનું ૨૫૬ કિલોમીટરને આંબીકરણ કરશે તથા (બ) એરુપલેમ અને નામ્બુરુ વચ્ચે અમરાવતી થઈને ૫૭ કિલોમીટરને આવરી લેતી નવી લાઈનનું નિર્માણ. નરકટિયાગંજ-રક્સૌલ-સીતામઢી-દરભંગા અને સીતામઢી-મુઝફ્ફરપુર સેક્શનને બમણું કરવાથી નેપાળ, ઉત્તર-પૂર્વ ભારત અને સરહદી વિસ્તારો સાથે જોડાણ મજબૂત થશે તથા માલગાડીની સાથે પેસેન્જર ટ્રેનોની અવરજવરની સુવિધા મળશે, જેના પરિણામે આ વિસ્તારનો સામાજિક-આર્થિક વિકાસ થશે. નવી રેલ લાઇન પ્રોજેક્ટ એરુપલેમ-અમરાવતી-નામબુરુ આંધ્રપ્રદેશના એનટીઆર વિજયવાડા અને ગુંટુર જિલ્લાઓ અને તેલંગાણાના ખમ્મમ જિલ્લામાંથી પસાર થાય છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા અને બિહાર એમ ત્રણ રાજ્યોના ૮ જિલ્લાઓને આવરી લેતી આ બંને યોજનાઓથી ભારતીય રેલવેનાં હાલનાં નેટવર્કમાં આશરે ૩૧૩ કિલોમીટરનો વધારો થશે. નવી લાઈન પ્રોજેક્ટથી ૯ નવા સ્ટેશનો સાથે આશરે ૧૬૮ ગામો અને આશરે ૧૨ લાખની વસતિને કનેક્ટિવિટી મળશે. મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટથી બે મહત્વાકાંક્ષી જિલ્લાઓ (સીતામઢી અને મુઝફ્ફરપુર) સાથે જોડાણ વધશે, જે અંદાજે ૩૮૮ ગામડાઓ અને આશરે ૯ લાખની વસતિને સેવા આપે છે. કૃષિ પેદાશો, ખાતર, કોલસો, લોખંડની કાચી ધાતુ, સ્ટીલ, સિમેન્ટ વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટેના આ આવશ્યક માર્ગો છે. ક્ષમતા વધારવાનાં કાર્યોને પરિણામે ૩૧ એમટીપીએ (મિલિયન ટન પ્રતિ વર્ષ) ની તીવ્રતાનો વધારાનો નૂર પરિવહન થશે. રેલવે પર્યાવરણને અનુકૂળ અને પરિવહનનું ઊર્જા દક્ષ માધ્યમ છે, જે આબોહવાનાં લક્ષ્યાંકો હાંસલ કરવામાં અને દેશનાં પરિવહન ખર્ચને લઘુતમ કરવામાં, કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઓછું કરવા (૧૬૮ કરોડ કિ.ગ્રા.) એમ બંનેમાં મદદરૂપ થશે, જે ૭ કરોડ વૃક્ષોનાં વાવેતરને સમકક્ષ છે. નવી લાઈનની દરખાસ્ત આંધ્રપ્રદેશની પ્રસ્તાવિત રાજધાની "અમરાવતી"ને સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે તથા ઉદ્યોગો અને વસતિ માટે અવરજવરમાં સુધારો કરશે, જે ભારતીય રેલવે માટે કાર્યદક્ષતા અને સેવાની વિશ્વસનીયતામાં વધારો કરશે. આ મલ્ટિ-ટ્રેકિંગ દરખાસ્તથી કામગીરી સરળ બનશે અને ગીચતામાં ઘટાડો થશે, જે સમગ્ર ભારતીય રેલવેમાં સૌથી વ્યસ્ત વિભાગોને અત્યંત જરૂરી માળખાગત વિકાસ પ્રદાન કરશે. આ વિવિધ પ્રોજેક્ટ પ્રધાનમંત્રીનાં નવા ભારતનાં વિઝનને અનુરૂપ છે, જે આ વિસ્તારનાં લોકોને વિસ્તૃત વિકાસનાં માધ્યમથી 'સ્વચ્છ' બનાવશે, જે તેમની રોજગારી/સ્વરોજગારીની તકો વધારશે. આ પ્રોજેક્ટ્સ મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી માટે પીએમ-ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનનું પરિણામ છે, જે સંકલિત આયોજન મારફતે શક્ય બન્યું છે અને લોકો, ચીજવસ્તુઓ અને સેવાઓની અવરજવર માટે સાતત્યપૂર્ણ કનેક્ટિવિટી પ્રદાન કરશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્યોગોના વિકાસ તથા વાઈબ્રન્ટ સમિટ જેવા વિવિધ આયોજન થકી રોજગારીનું નિર્માણ કર્યું છે: ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલના વરદ હસ્તે ૪૫૦ લાભાર્થીઓને રોજગારી માટેના નિમણૂંક પત્ર એનાયત કરાયા

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલની ઉપસ્થાતિમાં "જોબ મેળા તથા અલ્યુમની મીટ" કાર્યક્રમ યોજાયો હતો. દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) હેઠળ ગ્રામ્યસ્તરના ગરીબી રેખા નીચે જીવતા ૧૮ થી ૩૫ વર્ષના યુવકો તથા યુવતીઓને તેમની જરૂરિયાત મુજબ કૌશલ્ય વર્ધન તાલીમ આપી, તેમને રોજગારીની તકો પૂરી પાડવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ વિભાગની ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (GLPC)ની દેખરેખ હેઠળ, આ યોજના સાથે સંકળાયેલ અને તાલીમ મેળવેલ ૪૫૦ જેટલા લાભાર્થીઓને ગ્રામ વિકાસ મંત્રીશ્રીના હસ્તે રોજગારી માટેના નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ તાલીમ મેળવેલ યુવક-યુવતીઓના ૧૫ જેટલી કંપનીઓના પ્રતિનિધિશ્રીઓ દ્વારા જોબ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા તથા ભૂતપૂર્વ તાલીમાર્થીઓ માટે અલ્યુમની મીટનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય સારું રોજગારી પૂરી પાડવા માટે આગોતરું આયોજન કર્યું હતું. જે અંતર્ગત તેમણે ઉદ્યોગોના સર્વાંગી વિકાસ તથા વાઈબ્રન્ટ સમિટ જેવા વિવિધ આયોજન દ્વારા રોજગારી પૂરી પાડી હતી. રાજ્યના યુવક અને યુવતીઓને કૌશલ્ય વર્ધક તાલીમ મળી રહે તે માટે વર્ષ ૨૦૧૪-૧૫ માં રાજ્ય સરકાર દ્વારા દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત તાલીમાર્થીઓને વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે, જેથી તાલીમ લેવામાં અનુકૂળતા રહે અને વધુમાં વધુ યુવક-યુવતીઓ આ યોજનાનો લાભ લઈ પગભર થઈ શકે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર યુવાનોની રોજગારી માટે સતત પ્રયત્ન કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સરકાર વિકસિત ગુજરાત બનાવવા ભગીરથ કાર્ય કરી રહી છે. રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા જુદી જુદી કંપનીઓનો સામેથી સંપર્ક કરીને જોબ મેળાનું આયોજન કરવામાં આવે છે. આજના આ જોબ મેળામાં ૪૫૦ લાભાર્થીઓને નિમણૂંક પત્રો આપી રોજગારી પૂરી પાડવામાં આવી છે, તે ખૂબ આનંદની અને ગૌરવની વાત છે. મંત્રીશ્રીએ રાજયના યુવક અને યુવતીઓને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. ગ્રામ વિકાસ વિભાગના સચિવ શ્રીમતી મનિષા ચંદ્રાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે યુવાનોના કૌશલ્ય ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાજ્યના કુલ ૩૩ જીલ્લામાં દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩૦,૦૦૦થી વધુ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. આ ઉપરાંત ૨૩,૦૦૦ થી વધુ લાભાર્થીઓને રોજગારી, તથા ૧૪૦૦ જેટલા લાભાર્થીઓને કૌશલ્ય વર્ધન તાલીમ પૂરી પાડવામાં આવી છે. આ યોજના હેઠળ ગ્રામ્યસ્તરના ગરીબી રેખા નીચે જીવતા યુવકો તથા યુવતીઓના કૌશલ્યને Sector Skill Council (SSC) મારફતે પ્રમાણિત કરીને યુવાનોને ઓટોમોબાઈલ, હોસ્પિટાલિટી, ફિટર, વેલ્ડર જેવા ૭૦ થી વધુ કૌશલ્ય વર્ધક કોર્ષની તાલીમ આપીને રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનો લાભ લેનાર દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની લાભાર્થી બામણીયા પ્રિયંકા રાજુભાઈએ તેમના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, આ યોજના થકી મારા જીવનમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે અને હું આત્મનિર્ભર બની છું. તેવા જ બીજા એક લાભાર્થી અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના રેહવાસી વસાવા મેહુલ સુરેશભાઈએ કહ્યું હતું કે, આ યોજના અને તાલીમ કોર્ષ થકી હું મારા પરિવારને આર્થિક રીતે ખૂબ મદદરૂપ થઈ શક્યો છું, તે બદલ ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભારી છું. આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશનર શ્રી સુજલ મયાત્રા, GLPC ના ઈન્ચાર્જ એમડી શ્રી વિશાલકુમાર ગુપ્તા, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સખી મંડળની બહેનો, રોજગારી આપનાર સંસ્થાનાં પ્રતિનિધિશ્રીઓ તથા લાભાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસીઓના જીવન પરિવર્તનમાં બદલાવ લાવી તેઓને આત્મનિર્ભર બનાવવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ :- આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર

ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરની અધ્યક્ષસ્થાને આદિજાતિ વિકાસ વિભાગની ચિંતન શિબિર યોજાઈ

આદિજાતિ વિકાસ વિભાગે એવું કાર્ય કરવાનું છે કે અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લઇને પોતાના રાજ્યમાં કામ કરે :- મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ



રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિની વિશેષ ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ,

વિકસિત ભારત @૨૦૪૭ના ભાગરૂપે ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સલન્સ, ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ વિભાગની ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને આદિજાતી વિકાસ રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિની વિશેષ ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો. ચિંતન શિબીરનો શુભારંભ કરાવતા કેબીનેટ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે આદિવાસીઓના જીવન પરિવર્તનમાં બદલાવ લાવી તેઓને આત્મનિર્ભર બનાવવા માટે સૌને સંકલ્પબદ્ધ બનવા આહ્વાન કરતા જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિરમાં નવા વિચાર, નવા સંકલ્પ, અને નવી ઊર્જા સાથે આપણે સૌ એ આદિજાતિ વિકાસના ઉત્થાન માટે કાર્ય કરવાનું છે. આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં ભાગ લઈ રહેલા અધિકારીઓએ કઈ રીતે આદિવાસી નાગરિકો આર્થિક રીતે વધુને વધુ સજ્જ થાય અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તે માટે સૌ એ આત્મમંથન કરીને તે દિશામાં કામ કરી આયોજન કરવાનું છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ-૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરી હતી તેની સફળતાને પરિણામે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં હાલ ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજના -૨ કાર્યરત છે, આ વર્ષે બજેટમાં આદિવાસીઓના ઉત્થાન માટે રૂ.૪૩૭૪ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે, જેમાં આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, સરકારી છાત્રાલય, એકલવ્ય મોડેલ રેસિડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સ વગેરે યોજનાઓના માધ્યમ થકી રાજ્ય સરકારે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને શિક્ષિત બનાવી મુખ્ય હરોળમાં લાવવાનો પ્રયાસ કર્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વિકસિત ભારત@2047 નિર્માણ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ ભારત સુવર્ણકાળ તરફ આગળ વધી રહ્યો છે ત્યારે આદિવાસી સમાજ પણ અન્ય સમાજથી પાછળ ન રહી જાય તે જોવાની જવાબદારી આપણા સૌ આદિજાતિ વિકાસ સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની છે. આ સમાજે ક્યારે કોઈપણ પ્રકારની માંગણી કરી નથી તો આપણી જવાબદારી છે કે, આપણે આદિવાસી સમાજને મળતા તેમના લાભો અને હકો સહિતની પ્રાથમિક જરુરિયાતો સમયસર તેમના સુધી પહોંચે એ આપણી પ્રાથમિક ફરજ છે. આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં આદિવાસીઓના પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, કુપોષણ, જીવનધોરણ, તેમજ સિંચાઈ અને ખેતી જેવા વિષયો ઉપર ચર્ચા કરવામાં આવશે. આ ચિંતન શિબિરની ફલશ્રુતિના પરિણામો અધિકારીઓ મારફતે આવનારા સમયમાં આદિવાસીઓને મળે તેવી આશા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આદિજાતી વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, આ ચિંતન શિબિર મારફતે સૌ અધિકારીઓએ આદિજાતિના વિકાસ માટે વિચાર કરી તેમના જીવનને આગળ લાવવાની દિશામાં કાર્ય કરવાનું છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકસિત ભારતનો સંકલ્પ ત્યારે જ સાકાર થશે જ્યારે છેવાડાના માનવીનો સર્વાંગી વિકાસ થશે. આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓએ આદિવાસી સમાજને આગળ લાવવા એવું કાર્ય કરવાનું છે કે, અન્ય રાજ્યો ગુજરાતથી પ્રેરણા લઈને પોતાના રાજ્યમાં તે દિશામાં કાર્ય કરે તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમા આદિજાતિ વિકાસના અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી.ગુપ્તા, આદિજાતિ વિકાસના કમિશનર શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી તેમજ ચિંતન શિબિરમાં આવેલ આદિજાતિ વિભાગના અધિકારીઓએ સહભાગી બની આ શિબિરમાં ચિંતન કર્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :- Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028